# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

- લોકસભાના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન પૂર્ણ- અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષોએ સભા, રેલીઓ કરીને મતદાતાઓને રીઝવવાનો પ્રયાસ કર્યો..
- **સર્વોચ્ચ ન્યાયાલયે VVPATની પેપર સ્લીપ સાથે EVMમાં મતોની ગણતરીની ચોક્કસ સત્યાપનની માંગણી કરતી અરજીનો ચુકાદો સુરક્ષિત રાખ્યો.**
- એપોલો હોસ્પિટલે અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ જીનોમિક્સ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવાની જાહેરાત કરી.
- મધદરિયે માછીમારોની મદદ માટે જાફરાબાદના પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સ્પીડ બોટ કાર્યરત કરવામાં આવી.
- રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ગુજરાત સુપર લીગ- જીએસએલની ટ્રોફીનું અનાવરણ કર્યું...
- અને IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOKSABHA- ELECTION CAMPING

લોકસભાના બીજા તબક્કા માટે પ્રચાર અભિયાનના અંતિમ દિવસે આજે  તમામ રાજકીય પક્ષોએ સભા, રેલીઓ કરીને મતદાતાઓને રિઝવવાનો પ્રયાસ કર્યો.

બીજા તબક્કામાં કુલ 89 બેઠકો માટે મતદાન થશે. જેમાં કેરળની તમામ 20 બેઠકો, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની 8, મધ્ય પ્રદેશની 7, અસમ અને બિહારની 5, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢની 3, જ્યારે કે ત્રિપુરા, જમ્મુ અને કાશ્મીરની એક-એક બેઠક પર આ શુક્રવારે મતદાન હાથ  ધરવામાં આવશે. શુક્રવારે મણિપુર બાહ્યની 13 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થશે.

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આવતીકાલે છેલ્લો દિવસ છે. જ્યારે, શુક્રવારે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે અને 29મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

આગામી 13મી મેએ ચોથા તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 96 લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.

# SUPREME COURT- EVM VVPAT

સર્વોચ્ચ ન્યાયાલયે વોટર વેરિફિએબલ પેપર ઑડિટ ટ્રેલ– VVPATની પેપર સ્લીપ સાથે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશિનો (EVM)માં મતોની ગણતરીની ચોક્કસ સત્યાપનની માંગણી  કરતી અરજી પર સુનાવણી કરતા ચુકાદો સુરક્ષિત રાખ્યો છે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની ખંઠપીઠે EVMની કાર્યપ્રણાલી વિશે ભારતીય ચૂંટણી પંચને કેટલાક સવાલો પૂછ્યા હતા. સુનાવણી દરમિયાન બેંચે EVM અને VVPATની કાર્ય પ્રણાલીની સુરક્ષા સુવિધાઓને સમજવા માટે ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વ્યાપક વાતચીત કરી હતી. આ મુદ્દે ચૂંટણી પંચે આશ્વાસન આપ્યું છે કે કોઈ પણ સ્તરે EVM સાથે ચેડા અશક્ય છે. ચૂંટણી પંચે કહ્યું કે અત્યાર સુધીમાં ખરાઈની 41 હજાર, 629 ઘટનાઓ સામે આવી છે, અને ચાર કરોડથી વધારે VVPAT પેપર સ્લીપને મેળવવામાં આવી છે.

## CM TELANGANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બે દિવસ દરમિયાન ઝારખંડ અને તેલંગાણાના પ્રવાસે છે. આજે તેઓ ઝારખંડના લોકસભા ચૂંટણીના પ્રચાર માટે ઝારખંડ રાજ્યમાં છે.. તેમણે લોહરદગા સંસદીય બેઠકના ભાજપા ઉમેદવાર સમીર ઓરાનના ઉમેદવારી પત્ર ભરતી વખતે તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે તેલંગણામાં ભાજપા ઉમેદવારોના પ્રચાર માટે જશે.મુખ્યમંત્રી તેલંગણાની કરીમનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સંજયકુમાર બંદીના ઉમેદવારી પત્ર ભરવા સમયે ઉપસ્થિત રહેશે.. ગુરૂવારે બપોર બાદ કુરનુલ લોકસભા મતક્ષેત્રના ભાજપા ઉમેદવાર ભરત પ્રસાદના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધશે..

## BHARUCH- ELECTION CAMPING

ભરૂચ લોકસભા બેઠક પર ત્રિપાંખીયો જંગ જામશે. ભારતીય જનતા પાર્ટી, આમ આદમી પાર્ટી અને ભારતીય આદિવાસી પાર્ટીના ઉમેદવારો પોતાના મતવિસ્તારમાં ડોર ટુ ડોર ફરીને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા ભરૂચ જીલ્લાના પ્રતિનિધી વાહિદ મશહદી...

(બાઇટ- વાહિદ મશહદી-ભરૂચ)

# MATDAR JAGRUTI

રાજ્યભરમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચુંટણીતંત્ર દ્વારા બહોળા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે....

ત્યારે કચ્છ જિલ્લામાં સ્વીપ હેઠળ વિવિધ પ્રવૃતિ કરવામાં આવી રહી છે. ડોર ટુ ડોર સંપર્ક અભિયાનની સાથે ચુનાવી પાઠશાળા યોજી મતદાન અંગે જાગૃતતા લાવવાના પ્રયાસ કરાઇ રહ્યા છે.

વલસાડ જિલ્લામાં વિવિધ રેહણાંક સોસાયટીઓ અને હાટ બજારમાં સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા. તો કામદારોને ‘‘હું અવશ્ય મતદાન કરીશ’’એ અંગેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. સાથે જ સંજાણની શાળામાં અવસરની આકૃતિમાં માનવ સાંકળ રચી બાઇક રેલી કાઢવામાં આવી હતી.

તો સુરેન્દ્રનગરમાં ચુનાવ કા પર્વ, દેશ કા પર્વ 7મી મે ના મતદાન અવશ્ય કરીએ તેવો સંદેશ પાઠવતા રબર સ્ટેમ્પ બનાવી લાઇટ બિલ તેમજ અન્ય દસ્તાવેજ પર લગાવી અનોખી રીતે મતદાતાઓને મતદાન માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

તો પાટણમાં વધુ મતદાર ધરાવતી સોસાયટીમાં મિટિંગ યોજી લોકોને મતદાનનું મૂલ્ય સમજાવી ભૂલ્યા વગર મતદાન કરવા અનુરોધ કરાયો હતો.

ગીર સોમનાથમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેકટરે દર્દીઓના પ્રિસ્ક્રિપ્શન પર મતદાર જાગૃતિનો સિક્કો લગાવી મતદાર જાગૃતિ માટે પ્રોત્સાહક બનવા માટે તબીબી જગતને અપીલ કરી હતી. તો વેરાવળના ચોપાટી મેદાન ખાતે મતદાર જાગૃતિ

સંવાદ યોજાયો હતો. જેમાં મહિલાઓને અચૂક મતદાન કરવા અનુરોધ કરાયો હતો.

મહેસાણાની કડી નગરપાલિકાની 47 સોસાયટીઓ અને 61 મહોલ્લાઓમાં મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજાયા.

ભાવનગરના મહુવામાં મોટી જાગધાર ગામે લગ્ન પ્રસંગમાં મતદાન જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો.

તો મહિસાગરના લુણાવાડામાં 200 રિક્ષા સાથે રિક્ષા ચાલકો એ મતદાન જાગૃતિ રેલીમાં ભાગ લઈ લોકોને મતદાન માટે જાગૃત કર્યા.

તો દાહોદમાં કલેકટરે સોશિયલ મીડિયા કર્મચારી સાથે બેઠક યોજી અચૂક મતદાનનો સંદેશ દરેક વ્યક્તિ સુધી પહોંચે તે રીતે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

વડોદરા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતમાં ICDS વિભાગ દ્વારા 25000 મહિલાઓએ રેલી યોજી મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો.

તો રાજકોટમાં પણ જુદી જુદી રીતે મતદાન જાગૃતિ અંગેના પ્રયાસ કરી રહ્યા છે. જેમાં મતદાતાઓને પ્રોત્સાહન માટે વિવિધ વસ્તુઓ તેમજ હોટલમાં વિશેષ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

## APOLO- Genomics Institute

એપોલો હોસ્પિટલે અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ જીનોમિક્સ ઇન્સ્ટીટ્યુટ શરૂ કરવાની જાહેરાત કરી છે. એપોલો હોસ્પિટલના કન્સલ્ટન્ટ મેડિકલ જેનેટીસ્ટ ડો. અંબિકા ગુપ્તાએ જણાવ્યું છે કે, જીનોમિક્સ ક્લીનીકનો વિસ્તાર આવી વિકૃતીઓના નિવારણ અને સંચાલન માટે મહત્વનું પગલું છે, જે ભારત અને સમગ્ર વિશ્વમાં આરોગ્ય માટે નોંધપાત્ર પડકાર બની રહ્યું છે.

(બાઇટ- ડો. અંબિકા ગુપ્તા)

એપોલો હોસ્પિટલનવા ગ્રુપ મેડિકલ ડાયરેક્ટર ડો. અનુપન સિમ્બલે કહ્યું છે કે, વિવિધ રોગો અને પરિસ્થિતીને સમજવામાં જીનેટિક્સ મહત્વની ભૂમિકા ભજવે છે.

# AMRELI- SPEED BOAT

મધદરિયે માછીમારોની મદદ માટે હવે જાફરાબાદના પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સ્પીડ બોટ કાર્યરત કરવામાં આવી છે. 30 નોટીકલ માઈલની સ્પીડે આ બોટ માછીમારોની મદદે પહોંચી જશે. ગમે તે સમયે મધદરિયે માછીમારી કરતાં માછીમારોને કટોકટીનો સમય આવી જાય છે ત્યારે દરિયાની વચ્ચોવચ્ચ મદદ માટે પહોંચવું મુશ્કેલ બની જાય છે..

હવે પીપાવાવ મરીન પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર ઈશરાણીના હસ્તે સ્પીડ બોટનું લોકાર્પણ થતાં દરિયામાં ગમે તેવા સંજોગો વચ્ચે માછીમારોનો જીવ બચાવી શકાશે અને કોઇપણ કપરા સમયે પહોંચી શકાશે દરિયામાં ગમે તેવી પાણીની ભરતી હશે તો પણ આ સ્પીડ માછીમારોની મદદ માટે કાર્યરત રહેશે.

અમારા અમરેલીના પ્રતિનિધી હરેશ ટાંક જણાવે છે કે, જાફરાબાદની દરિયાઇ પટ્ટી વિસ્તારમાં માછીમારોની મદદ માટે સ્પીડ બોટ કાર્યરત કરવામાં આવતા ગમે તેવી ભરતીમાં પણ આ સ્પીડ બોટ માછીમારોને મદદ માટે કાર્યરત રહેશે.

# GSL TROPHY

ગુજરાત સુપર લીગે ગુજરાત રાજ્યમાં ટ્રોફીનું આજે રાજ્યસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ પરિમલ નથવાણી દ્વારા

અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ લીગમાં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા. આ ટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે તે છેઃ અમદાવાદ એવેન્જર્સ, ગાંધીનગર જાયન્ટ્સ, કર્ણાવતી નાઈટ્સ, સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ, સુરત સ્ટ્રાઇકર્સ, વડોદરા વોરિયર્સનો સમાવેશ થાય છે..

GSL ટુર્નામેન્ટ પહેલીથી બારમી મે દરમિયાન અમદાવાદમાં ઇકેએ એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. વિજેતા ટીમને 11 લાખ રૂપિયા જ્યારે રનર્સ અપ ટીમને 5 લાખ રૂપિયાનું ઇનામ મળશે. ટુર્નામેન્ટમાં ઉત્તમ પ્રદર્શન કરાનારા ખેલાડીઓને જુદી-જુદી આઠ શ્રેણીમાં 25 હજાર રૂપિયાનું ઇનામ આપવામાં આવશે.

## AAP- SANJAYSINH

આમ આદમી પાર્ટીના સંસદ સભ્ય સંજયસિંહે આક્ષેપ કર્યો છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નિતીનો લોકો વિરોધ કરે છે. તેમણે 5-જી, સ્ટ્રેપ્કટ્રમની હરાજી, ઇલેકટ્રોલ બોન્ડ સહિતના અનેક મુદ્દે ટીકા કરી હતી.

## IPL

IPL ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં થશે. ગુજરાતે ટોસ જીતીને પહેલા ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને જ્યારે દિલ્લી કેપિટલ્સ આઠમાં સ્થાન પર છે.